**મે. છોટાઉદેપુર ના એડી.સીવીલ જજ અને જયુડી.મેજી.ફ.ક(એ.પી.જોષી) સાહેબ શ્રી. ની કોર્ટમાં**

**મુ.છોટાઉદેપુર ફો.કેસ. નં.૧૨૦૬/૨૦૨૫**

**આંક.–૦૬**

**GJCU020016862025**

**ફરીયાદી:–** શ્રી સરકાર.

વિરૂઘ્ધ

આરોપી:–તીકમભાઈ રમુડીયાભાઈ દાવત

રહેવાસી.મુડલા, તા.સોઢવા જી.અલીરાજપુર

ગુન્હા :– *ગુજરાત પ્રોહી એકટ ની કલમ –૬૫ એ.એ મુજબ.*.

–:: ઠ રા વ ::–

ફરીયાદ પક્ષે કેસની હકીકત એવી છે કે,આ કામના આરોપી ચાર્જશીટમાં જણાવેલ તારીખે,સમયે અને સ્થળે વગર પરમીટે પોતાના કબજામાં આ કામના આરોપી પ્રોહી.પ્રતિબંધક એરીયા વગર પાસ પરમિટે ગે.કા.રીતે ભારતીય બનાવટનો વીદેશી દારૂ ના કવાટરીયા નંગ–૪૮ ની કુલ કી.રૂા.૮,૧૬૦/–નો પ્રોહી મુદ્દામાલ રાખી પોલીસ રેઈડ દરમ્યાન પકડાઈ આવી તે સબબની ફરીયાદ ફરીયાદીએ આપતાં ફરીયાદીની ફરીયાદ ઉપરથી તપાસ કરનાર અમલદારે તપાસ કરી આરોપી વિરૂઘ્ધ પ્રોહીબીશન એકટની ઉપરોકત કલમ મુજબના ગુન્હાઓ સબબનું ચાર્જશીટ રજુ કરેલ છે.આંક–૦૪ થી આરોપી ની પ્લી નોઘવામાં અવેલ છે જે પ્લીમાં આરોપી એ ગુનાનો એકરાર કરેલ છે. આરોપી ગુનો કબુલ કરવા માગે છે તેવી પુરસીસ રજુ કરતાં તે પુરશીશ આંક–૦૫ થી રેકર્ડ ઉપર નોઘવામાં આવેલ છે.

આરોપી તેની કબુલાત પુરશીશ આજરોજ આપી જણાવે છે કે, અમોને ગુનો કબુલ કરવો છે અમો આરોપી ગરીબ વર્ગના માણસ છીએ અને અમો મજુરી કરીએ છીએ. અમો અમારા કુંટુંબ ના કમાનાર એક માત્ર વ્યકિત છીએ. અમો બાળ બચ્ચાવાળા છીએ. અમારા કુટુંબ ની અમારી જવાબદારી છે. અમારી આ પ્રથમ ભુલ છે. અમોને ગુનો કર્યાનો પસ્તાવો થાય છે અને કાયદા માં જણાવેલ મહત્તમ સજા ન કરી અમો પર દયા કરવા નામદાર કોર્ટને વિનંતી છે.

હાથ ઉપરના કેસમાં આરોપી કાયદા હેઠળની સમજ કરવામાં આવેલ છે. તેમ છતાં તેનો ગુનો કબુલ કરવા માગે છે અને તેથી ઉપરોકત કબુલાતને નહી માનવાને કોઈ કારણ રહેતુ નથી. તે ઉપરાંત કેસ ના સંજોગો

ધ્યાને લેતા અને સજાની જોગવાઈ અંગે ના નામ.ગુજરાત હાઈકોર્ટના સ્ટેટ ઓફ ગુજરાત વિ.નટવર હરચંદજી ઠાકોર ૨૦૦૫ (૧), જી.એલ.આર.પાના ૭૦૯ ઉપર પ્રકાશીત ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ માર્ગદર્શક સીધ્ધાંતો ને ધ્યાને લેતા આરોપી સામે હાલ નો પ્રથમગુન્હો હોવાનું જણાવેલ છે અને પોતે ગરીબ માણસ હોય તેમજ કુંટુંબ કબીલાવાળો હોય તેના કુંટુંબની દેખભાળ રાખનાર તે એક માત્ર ઈસમ હોય આરોપીને ઓછી સજા કરવી ન્યાયોચિત જણાય છે.જેથી આરોપી ને સુધરવાની તક મળે અને કેસ ના સંજોગો ને ધ્યાનમાં લઈ ન્યાયના હીતમાં નીચે પ્રમાણેનો હુકમ કરવામાં આવે છે.

-:: હુકમ ::-

આ કામના આરોપી -તીકમભાઈ રમુડીયાભાઈ દાવત - ક્રીમીનલ પ્રોસીઝર કોર્ડની કલમ-૨૪૧ મુજબ થી ગુજરાત પ્રહીબીશન એકટની કલમ-*૬૫ એ.એ* મુજબ ના ગુનાના કામે દોષિત ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા તથા આરોપીએ રૂા. ૫૦૦/- ( અંકે રૂપિયા પાંચસો પૂરા ) દંડ કરવામાં આવેલ છે અને જો આરોપી દંડ ન ભરે તો દિન-૦૨ ની સાદી કેદ ની સજાનો હુકમ કરવામાં આવે છે.

સદર ગુનામા પકડાયેલ પ્રોહીબીશન મુદ્દામાલ અંગે જો કોઈ વચગાળાનો હુકમ થયેલ હોય તો તે કાયમ રાખવો.અને જો કોઈ વચગાળાનો હુકમ થયેલ નહોય તો અપીલ સમય બાદ સદર ગુનામા પકડાયેલ પ્રોહીબીશન મુદ્દામાલનો નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમ આજરોજ તા.૦૮ મી માર્ચ ૨૦૨૫ ના રોજ સ્પેશીયલ સીટીંગ માં વાંચી સંભળાવી મારી સહી કરીજાહેર કરવામા આવે છે.

સ્થળ :- છોટાઉદેપુર

તા :- ૦૮/૦૩/૨૦૨૫

**(અમીષ પ્રફુલચંદ્ર જોષી)**
**એડી.સીવીલ જજ અને જ્યુડી.મેજી.ફ.ક**
**છોટાઉદેપુર**
**Judge Code:- GJ**01446

(1) Receipt No.-________________/2025
Received Rs. 500/- **Five hundred Rupees Only**
**Date**-08 /03/2025

**Nazir**

**C.J.M Court Chhotaudepur**